મત્સ્યદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય" માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓ બાબત.

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0050/T**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) ) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2371/Marine, તા. ૦૧/૦૧/૨૦૨૬

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2025/2371/Marine, તા. ૧૦/૦૩/૨૦૨૬

<u>પ્રસ્તાવના:-</u>

વર્તમાનમાં દૂર ઊંડા દરિયાની મચ્છીમારી થતી હોઈ મત્સ્ય પકડાશના પોષણક્ષમ ભાવ મળે તે માટે તેની ગુણવતા જળવાઈ રહે તે અતિમહત્વનું છે અને આ માટે ફીશીંગ બોટોમાં કોલ્ડરૂમની સુવિધા હોય છે. દરિયાઈ ભેજ અને ખારાશના કારણે સ્ટીલ,પ્લાયનાં સ્ટ્રક્ચરમાં કાટ લાગતા સડો ફેલાઈ જતો હોવાથી કોલ્ડરૂમનું દર પાંચ વર્ષે નવીનીકરણ કરવું જરૂરી હોઈ, જેની પાછળ અંદાજે રૂ. ૪.૦૦ લાખ જેવો ખર્ચ થતો હોય છે. મત્સ્ય પકડાશની ગુણવતા જળવાઈ રહે તો જ માછીમારોને સારા ભાવ મળી શકે અને તે માટે કોલ્ડરૂમ સંપુર્ણ સ્થિતિમાં હોવો જરૂરી છે.આથી ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવાનું આયોજન રાજય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ અનુક્રમે ક્રમ-(૧) અને (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રોથી "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય" યોજનાને દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજનાના બજેટ સદર : ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ વર્ષ :૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં નવી બાબતની સૈધ્ધાતિંક મંજૂરી મેળવવા માટે આ નવી બાબતની યોજનાકીય સૂચિત શરતો અને બોલીઓ સહ દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>: ઠરાવ :</u>

વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોમાં ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા ઉપર સહાય" યોજનાની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

**શરતો:**

(૧) અરજદાર દ્વારા અરજી કરવાની પ્રક્રિયાથી લઈને નાણાકીય સહાય ચૂકવવા સુધીની આખી પ્રક્રિયા I-khedut Portal મારફત કરવાની રહેશે.

(૨) માછીમારી બોટ રીયલ ક્રાફટ અંતર્ગત રજીસ્ટર થયેલ હોવી જોઇએ.

(૩) બોટનું માછીમારી માટેનું વેલીડ ફીશીંગ લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

(૪) સદર પ્રોજેક્ટની યુનિટ કોસ્ટ રૂ. ૪.૦૦ લાખના ૫૦% એટલે કે રુ. ૨.૦૦ લાખ મહત્તમ સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૫૦% બન્ને માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર થશે.

(૫) ઈન્સ્યુલેટેડ કોલ્ડ રૂમ બનાવવા માટે ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ સ્ટ્રકચર અને FRP Puff Panel નો ઉપયોગ કરવાનો રહેશે.

(૬) સદર સહાયની રકમ લાભાર્થીના બેંકના ખાતામાં DBTથી જમા કરાવવાની રહેશે.

(૭) આ યોજના તળે એક વખત લાભ મેળવ્યા બાદ પાંચ વર્ષ પછી લાભાર્થી માછીમારને ફરીથી આ યોજના તળે લાભ મળવાપાત્ર થશે.

(૮) જીલ્લા અધિકારીએ ભૌતિક ચકાસણી કરવાની રહેશે અને તે મતલબના પ્રમાણપત્ર સહ ખરીદેલ વસ્તુનાં પાકા બિલ સાથે સહાય મેળવવા માટે વિભાગીય વડાને ભલામણ સહ નાણાકિય મંજુરી અર્થે દરખાસ્ત કરવાની રહેશે. નાણાકીય સહાય મંજૂર કરવાની સતા સબંધિત વિભાગિય વડાની રહેશે.

(૯) ઈન્સ્યુલેટેડ કોલ્ડરૂમ બનાવવા પહેલાં જીલ્લાધિકારીની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦) સરકારશ્રી તરફથી કે ખાતાના વડાશ્રી તરફથી વખતોવખત જે બોલીઓ અને શરતોમાં સુધારો વધારો કરવામાં આવે તો તે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૧૧) લાભાર્થી ગુજરાત રાજ્યનો વતની હોવો જોઈએ.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં | : | ૦૦૬ |
| સેકટર | : | ગ : આર્થિક સેવાઓ |
| સબસેકટર | : | ક : કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્યસદર | : | ૨૪૦૫-મત્સ્યોધોગ |
| ગૌણસદર | : | ૧૦૩-દરિયાઈ મત્સ્યોધોગ |
| પેટા સદર | : | ૦૧. એફએસએચ-૭. ૧૦૩ (૦૧) દરિયાઇ મત્સ્યોધોગ સાધનો પૂરા પાડવા અને પુર્વ જરૂરી સવલતો |

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)

સેકશન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન. મંત્રીશ્રી, મત્સ્યોધ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મત્સ્યોધ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોધ્યોગ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોધ્યોગ કમિશનરશ્રી, મત્સ્યોધ્યોગ કમિશનરશ્રીની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી, (કૃષિ )કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી ,ગાંધીનગર

(૧૦)પગાર અને હિસાબી અધિકારીશ્રી ,ગાંધીનગર.

(૧૧) I T શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની સાઈટ પર

અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨) સીલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2026.04.01
16:11:30 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign